# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૮૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી                                                    તા. ૨૫-૦૯-૨૦૨૨

- **૨૯ મી સપ્ટે ના રોજ ભાવેણાની પવિત્ર ભુમિમા પ્રધાનમંત્રીશ્રીનુ સ્વાગત છે.... પરંતુ આવતા પહેલા તેમને ભાવેણાવાસીઓને આપેલા ૨૦૦૮,૨૦૧૨ અને ૨૦૧૪ ના વચનોનુ સ્પરણ તાજુ કરીને પધારે....મનહર પટેલ**
- **ભાવેણાવાસીઓ રાજનેતાઓને વિશ્વાસ અને શ્રધ્ધાથી સાંભળે છે, ત્યારે આ સૌજન્યનો પ્રધાનમંત્રીશ્રી આદર કરે.....મનહર પટેલ**
- **ભાવેણાની પુણ્યભુમમા જે જે ખેરખાઓ થયા તે તમામ ભાવેણાવાસીઓ માટે પિતૃ સમાન છે તેનુ અપમાન ભાવેણાભુમિનુ અપમાન છે. - મનહર પટેલ**

ભાજપા સરકારે આપણા PM અને CM ને એન્જીન સાથે સરખાવ્યા... એ ઠીક નથી..

પરંતુ એમની સમજ મુજબ ગુજરાત કોંગ્રેસના પ્રવકતાશ્રી મનહર પટેલ જણાવે છે કે ભાવનગરમા ૨૯/૦૯/૨૦૨૨ ના રોજ ડબલ એન્જીન આવી રહ્યા છે....

અગાઉ ભાવેણાની જનતાને એક એન્જીને ૨૦૦૮, ૨૦૧૨ અને ૨૦૧૪ મા અનેક વચનોના ધુમાડા કાઢયા હતા...આજે પણ તે માત્ર ધુમાડાના સ્વરુપે છે જેનુ ભાવેણાવાસીઓ છેતરાયાનો અફસોસ કરે છે.

ભાવનગરની વિટંબણાઓ અને મુશ્કેલીઓ પ્રધાનમંત્રીશ્રી સમજતા હતા એટલે જ તેમને ભાવેણાવાસીઓની આ નસ ઉપર હાથ મુકીને ૩-૩ ચુંટણી જીતી છે...પરંતુ આ એજ વચનો ઉભા છે...

- ✓ જર્જરીત સિવીલ હોસ્પિટલ.
- ✓ આશરે ૧૧૦૦૦ એકર કરતા વધુ દરીયા કાંઠાની જમીન અગર માટે ભાજપાના આગેવાનોને પધરાવી દીધી.
- ✓ મરિન યુનિવર્સીટી,
- ✓ ૨૮૦૦ કરોડમા મરિન શીપ બિલ્ડીંગની સ્થાપના કરીશુ અને ૧૦,૦૦૦ યુવાનોને લોકલ રોજગારી આપીશુ.
- ✓ બિસ્માર અલંગનો ધંધો.
- ✓ ભાવનગરના દરીયા કાંઠા ઉપર ૨૫ નવી આધુનિક શાળાનુ નિર્માણ.
- ✓ ઉચ્ચત્તર માધ્યમિક શાળા શરુ કરીશુ.

- ✓ મહુવા પોર્ટનુ કાયકલ્પ કરીશુ.
- ✓ ૫ મોડલ તાલુકા શાળા ઉભી કરીશુ.
- ✓ ફુડ પાર્ક, પ્લાસ્ટીક પાર્ક, ડાયમંડ પાર્ક આપીશુ.
- ✓ લોક ગેટની કાયાકલ્પ કરીશુ.
- ✓ ૫૮૦૦ કરોડ રુપિયા ભાવનગરના બંદરો માટે આપીશુ.
- ✓ ભાનવગર - તારાપુર રેલ્વે લાઇન આપીશુ.
- ✓ સાગર ખેડુ યોજના અંતર્ગત ૧૨૦૦ કરોડ રુપિયા આપીશુ.

આ પૈકી  એક પણ કામ ભાજપાની 24x7x365 જેરી ધુમાડા કાઢતી ડબલ એન્જીન વાળી સરકારે કોઇ પણ હાથ ઉપર લીધુ છે ?

આ તમામ ઠાલા વચનો બાબતે  મા. પ્રધાનમંત્રીશ્રી ભાવેણાવાસીઓ જવાબ આપે....

મનહર પટેલ
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ